Day Celebration

Date :14/09/2025

# HINDI DAY
















તા. 14/09/2026, સોમવારના રોજ હિન્દી દિવસની ઉજવણી નિમિત્તે “હિન્દી : સંવાદ, સર્જન અને રાષ્ટ્રીય એકતાની ભાષા” શીર્ષક હેઠળ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓ દ્વારા દોહા તથા ભજનની સુંદર રજૂઆત કરવામાં આવી હતી. આ પ્રસંગે મહેમાનશ્રી શ્રીમતી મિતલબેન કણસાગરાએ મુનશી પ્રેમચંદની પ્રસિદ્ધ વાર્તા ‘કફન’ અંગે સંક્ષિપ્ત અને જ્ઞાનવર્ધક વક્તવ્ય આપ્યું હતું. કાર્યક્રમના અધ્યક્ષસ્થાને રહેલા પ્રિન્સિપાલશ્રી ડૉ. ભાવિકભાઈ એમ. શાહએ પોતાના વક્તવ્યમાં ભાષાશુદ્ધિના મહત્ત્વ પર પ્રકાશ પાડ્યો હતો. વિદ્યાર્થીઓમાં હિન્દી ભાષા અને સાહિત્ય પ્રત્યે વધુ રસ જાગે તથા તેમના જ્ઞાનમાં વૃદ્ધિ થાય તે હેતુથી હિન્દી ક્વિઝ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને પોતાના જ્ઞાન, ભાષાકૌશલ્ય અને પ્રતિભાનો પરિચય કરાવ્યો હતો.

Day Celebration

Date :27/08/2026

# RAKSHABANDHAN CELEBRATION













તા. 27/08/2026 ના રોજ ટેકનિકલ સ્કૂલની વિદ્યાર્થીનીઓ તથા બી.એડ.ના તાલીમાર્થીઓ સાથે મળીને રક્ષાબંધન પર્વની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.આ પ્રસંગે ટેકનિકલ સ્કૂલની વિદ્યાર્થીનીઓએ બી.એડ.ના તાલીમાર્થી ભાઈઓને તથા બી.એડ ની તાલીમાર્થીનીઓ એ ટેકનિકલ સ્કૂલના વિદ્યાર્થીઓને રાખડી બાંધીને ભાઈ-બહેનના પવિત્ર સંબંધ, સ્નેહ, વિશ્વાસ અને પરસ્પર સહકારનો સંદેશ આપ્યો હતો. રક્ષાબંધનના આ પર્વે વિદ્યાર્થીઓ અને તાલીમાર્થીઓ વચ્ચે સ્નેહ અને સૌહાર્દની લાગણી વધુ મજબૂત બની હતી.

# SANSKRIT DAY












તા. 27/08/2026 ના રોજ કોલેજમાં સંસ્કૃત દિવસની ઉજવણી ઉલ્લાસ પૂર્ણ રીતે કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ સંસ્કૃત ભાષાની ઊંડાણપૂર્ણ પરંપરા અને સાંસ્કૃતિક વારસાનું મહત્ત્વ ઉજાગર કરવાનો રહ્યો હતો. કાર્યક્રમની શરૂઆત શાંતિપ્રદ પ્રાર્થના સાથે કરવામાં આવી. ત્યારબાદ તાલીમાર્થી દ્વારા સંસ્કૃતની વિશિષ્ટતાઓ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી. કૃષ્ણાષ્ટકમના ગાન દ્વારા શ્રોતાઓ ભગવાન શ્રીકૃષ્ણના ભક્તિમય વર્ણનમાં તન્મય બન્યા. ત્યારબાદ ગીતની મનોહર રજૂઆતથી માહોલ વધુ ભક્તિમય બન્યો.

**Day Celebration** Date :08/08/2026

# WORLD TRIBAL DAY










તા. 08/08/2026 ના રોજ આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. પ્રારંભમાં તાલીમાર્થીઓએ આદિવાસી સંસ્કૃતિની ઓળખ સમાન પોતાની પ્રાદેશિક બોલીમાં સમગ્ર કાર્યક્રમનું એન્કરીંગ કર્યું હતું, તેમજ આદિવાસી સંસ્કૃતિના વિવિધ નુત્ય રજુ કર્યા હતા.આ ઉપરાંત તેમની સંસ્કૃતિની ધરોહર સમાન લોક ગીતો તેમજ સુંદર સંદેશો પાઠવતું નાટક રજુ કર્યું.હતું. કોલેજના આચાર્યશ્રી ડૉ. ભાવિક એમ. શાહે પ્રસંગોચિત ઉદબોધન આપ્યું.

Date : 29/07/2026

**Day Celebration**

# GURUPURNIMA CELEBRATION











તા. 29 જુલાઈ 2026ના રોજ ગુરુ પૂર્ણિમાની ઉજવણીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત સરસ્વતી વંદના સાથે કરવામાં આવી હતી. ત્યારબાદ તાલીમાર્થીઓ દ્વારા ગુરુના મહિમા અને ભારતીય સંસ્કૃતિમાં ગુરુના સ્થાન અંગે પ્રેરણાદાયી ઉદ્બોધન આપવામાં આવ્યું. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ ગુરુવંદના , કુમકુમ તિલક અને સ્વરચિત કાર્ડ દ્વારા ગુરુપૂજન ગીત, તથા ગુરુના મહિમાને ઉજાગર કરતા દોહા દ્વારા સૌનું મન મોહી લીધું. વિદ્યાર્થીઓએ પોતાના ગુરુજનો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી અને તેમના આશીર્વાદ પ્રાપ્ત કર્યા. કોલેજના આચાર્યશ્રી ડૉ. ભાવિક એમ. શાહે પ્રસંગોચિત ઉદબોધન આપ્યું.

**Educational Visit** **Date :22/07/2026**

# મનોવિકલાંગ આશ્રમની મૂલાકાત













તારીખ 22-07-2026 ના રોજ તાલીમાર્થીઓમાં મનોદિવ્યાંગ બાળકો પ્રત્યે સંવેદના અને સહાનુભૂતિનો ભાવ વિકસે તેવા ઉમદા હેતુથી બુડાસણ-ઈરાણા, કડી સ્થિત મનોવિકલાંગ આશ્રમ 'માધુર્ય ભુવન' ની મુલાકાતનું આયોજન કોલેજની સોશિયલ સાયન્સ એન્ડ એન્વાયરમેન્ટ ક્લબ અંતર્ગત કરવામાં આવ્યું. આ પ્રસંગે તાલીમાર્થીઓએ મનોદિવ્યાંગ બાળકો સાથે વિવિધ મનોરંજક પ્રવૃત્તિઓ, રમતો અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજી તેમની સાથે આનંદની પળો વહેંચી હતી. કાર્યક્રમના અંતે બાળકોને ફળ અને બિસ્કિટનું વિતરણ કરવામાં આવ્યું.

Co-curricular activities

# QUIZ COMPETITION

Date :11/07/2026













તા. 11/07/2026ના રોજ તાલીમાર્થીઓમાં સામાન્ય જ્ઞાન, તર્કશક્તિ, ટીમવર્ક અને આત્મવિશ્વાસનો વિકાસ થાય તે હેતુથી ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં પાંચ ટીમ હતી. સ્પર્ધામાં ભારત અને ગુજરાતનું સામાન્ય જ્ઞાન, સંગીત, કલા, નૃત્ય, ફિલ્મો, એવોર્ડ્સ તેમજ શિક્ષણ ક્ષેત્રને લગતા વિવિધ રસપ્રદ પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. તાલીમાર્થીઓએ જ્ઞાન, ઝડપી વિચારશક્તિ અને ટીમભાવનાનું ઉત્તમ પ્રદર્શન કર્યું હતું. રસાકસીભરી સ્પર્ધાના અંતે 'E' ટીમે સર્વોત્તમ પ્રદર્શન કરીને પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું અને વિજેતા બની હતી.

Date : 11/07/2026

Day Celebration

# WORLD POPULATION DAY CELEBRATION












તા. 11/07/2026ના રોજ Social Science & Environment Club દ્વારા વિશ્વ વસ્તી દિવસની ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ દ્વારા વસ્તી વધારાના કારણો,  સમસ્યાઓની PPT અને વિડીયો દ્વારા સમજૂતી આપવામાં આવી.  આ પ્રસંગે કોલેજના આચાર્યશ્રી ડોક્ટર ભાવિક એમ શાહ દ્વારા વસ્તી વધારાના નિયંત્રણ કરવાની સાથે સાથે ઈનોવેશન સ્ટાર્ટ અપ અને કૌશલ્ય વર્ધન દ્વારા રાષ્ટ્રને ઉત્પાદક નાગરિકો પૂરા પાડવામાં શિક્ષકની ભૂમિકા વિશે ઊંડાણપૂર્વક રજૂઆત કરવામાં આવી

Date : 06/07/2026

# Praveshotsav -2026













તા. 06/07/2026ના રોજ કલ્ચરલ ક્લબ દ્વારા નવા શૈક્ષણિક સત્ર 2026–27ના વિદ્યાર્થીઓના સ્વાગતાર્થે "આવકારોત્સવ (Welcome Ceremony)"નું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય અને સરસ્વતી વંદનાથી કરવામાં આવી. આચાર્યશ્રી તથા પ્રાધ્યાપકગણ દ્વારા નવા વિદ્યાર્થીઓનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું અને આચાર્યશ્રીએ તાલીમાર્થીઓને શિક્ષક બનવાના આ પવિત્ર વ્યવસાય અંગે પ્રેરણાદાયી માર્ગદર્શન આપી તમામ સ્ટાફનો પરિચય કરાવ્યો. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો, પ્રેરણાત્મક પ્રવચનો, તથા મનોરંજક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

Co-curricular activities

# ELOCUTION COMPETITION

Date :04/07/2026











તા. 04/07/2026ના રોજ “વક્તૃત્વ સ્પર્ધા"નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમ રબારી હિરલ અને ગામીત મયુરી જ્યારે દ્વિતીય ક્રમ પટેલ પ્રિયાએ મેળવ્યો હતો. આ કાર્યક્રમમાં  નિર્ણાયક તરીકે કોમર્સ કોલેજના  પ્રાધ્યાપિકા ડૉ .વૈભવી શાહ તેમજ MCA કૉલેજના પ્રાધ્યાપિકા કિંજલ પટેલે સેવા આપી હતી.